**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૦ ટકા ● સાંજે ૨૧ ટકા

# હોમકેર માટે પણ તબીબોની અછત

## હોસ્પિટલોમાં બેડ ફૂલ છે ત્યારે ઘરે રહીને સારવાર મેળવી રહેલા દર્દીઓને પણ હોમકેર માટે તબીબો મળતાં નથી

ગાંધીનગર, તા. ૨

શહેરમાં કૂદકે ને ભૂસકે વધી રહેલા કોરોનાના દર્દીઓ માટે ગંભીર સ્થિતિ સર્જાઈ છે. હોસ્પિટલોમાં બેડ મળતાં નથી તો હોમ કેર માટે પણ તબીબોની અછત વર્તાઈ રહી છે. ખાનગી હોસ્પિટલોની બહાર પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના દર્દીઓની સંખ્યા ખૂબ વધી રહી છે. ઘરે ઘરે દર્દીઓ જોવા મળી રહ્યાં છે. શહેરી વિસ્તારોની સાથોસાથ ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાનું વ્યાપક સંક્રમણ જોવા મળી રહ્યું છે. દર્દીઓની સંખ્યા ખૂબ વધી રહી છે. તેની સામે તબીબી સારવાર અને સુવિધાઓનો ભારે અભાવ જોવા મળી રહ્યો છે. દર્દીઓની સંખ્યા એટલી બધી વધુ છે કે હોસ્પિટલોમાં બેડ ખૂટી પડ્યાં છે. ગંભીર પ્રકારના દર્દીઓને બેડ મેળવવા માટે રીતસર ઝઝુમવુ પડી રહ્યું છે. સિવિલ હોસ્પિટલ હોય કે ખાનગી દવાખાનાઓ ક્યાંય દર્દીઓ માટે જગ્યા ખાલી નથી. દર્દીઓને દાખલ કરાવવા માટે કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવુ પડે છે.



કોરોનાના રીપોર્ટ ઉપરાંત બ્લડ રીપોર્ટ, સીટી સ્કેન કરાવવા માટે પણ ખૂબ વેઈટીંગ છે. દર્દીઓ માટે હોસ્પિટલોમાં જગ્યા નથી ત્યારે હોમ આઈસોલેશનમાં રહીને સારવાર મેળવી રહેલા દર્દીઓની સંખ્યા ખૂબ વધારે છે. આવા દર્દીઓના સ્વાસ્થ્યની નિયમિત ચકાસણી થાય તે માટે ઘણા તબીબો અને હોસ્પિટલો હોમ કેર સારવાર આપે છે. હોમ કેરના પાંચ, સાત અને દસ દિવસના પેકેજ દર્દીઓને અપાય છે. જેમાં વિવિધ ટેસ્ટ ઉપરાંત ઘરે જઈને દર્દીઓની ચકાસણી કરવી સામેલ હોય છે. પરંતુ હાલમાં દર્દીઓની સંખ્યા ખૂબ વધુ હોવાથી હોમકેર માટે પણ તબીબોની અછત વર્તાઈ રહી છે. તબીબોના અભાવે દર્દીઓને અન્ય દર્દીઓને અપાયેલી સારવારના આધારે કે ઘર ગથ્થુ ઉપચારના આધારે સારવાર કરવી પડી રહી છે. મેડીકલ અને પેરામેડીકલ સ્ટાફ કામગીરીના ભારણ હેઠળ કામ કરી રહ્યાં છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મહેરબાની કરીને અમારા મંત્રીશ્રીને ચૂંટણીના પરિણામ વિશે કાંઈ ન પૂછતા, તેઓ કોરોના અંગેની રણનીતિ બનાવવામાં વ્યસ્ત છે...!!

# સે. ૨૬ બ્રહ્મસમાજની પાંખે ઓનલાઈન પ્રાર્થના સભા યોજી

**કોરોના કાળમાં ગુમાવેલા દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલી અપાઈ : બ્રહ્મસમાજની સે. ૨૬ પાંખના આધારસ્તંભ સમા સ્વ. આઈ.સી. પંડ્યાના નિધનથી મોટી ખોટ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના સેક્ટર-૨૬ ખાતે બ્રહ્મસમાજની પાંખ દ્વારા કોરોના કાળમાં દિવંગત થયેલા સભ્યોના આત્માને સદગતિ મળે તે હેતુથી શ્રદ્ધાંજલિ પાઠવવા સાથે શિવ મહિમ્ન સ્તોત્રનું પઠન વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તા. ૨૮મી એપ્રિલના રોજ યોજવામાં આવ્યું હતું. આ સાથે વિડીયો કોન્ફરન્સમાં શિવ વંદના પણ કરવામાં આવી હતી.




અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં પ્રવર્તમાન કોરોના સંક્રમણની કપરી પરિસ્થિતિમાં બ્રહ્મસમાજની સે. ૨૬ની પાંખના કેટલાંક સભ્યો કોરોનાનો શિકાર બની અનંતની વાટે મહા પ્રયાણ કરી ગયાં છે. આ દિવંગત સભ્યોને શ્રદ્ધાંજલી પાઠવવાના હેતુથી યોજવામાં આવેલ વિડીયો કોન્ફરન્સમાં સે. ૨૬ બ્રહ્મસમાજના સભ્યોએ મોટી સંખ્યામાં ઓનલાઈન ઉપસ્થિત રહી શિવ મહિમ્ન સ્તોત્ર પઠન તથા શિવ વંદના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સે. ૨૬ બ્રહ્મ સમાજના જે સભ્યો દિવંગત થયા છે તેમાં સ્વ. આઈ.સી. પંડ્યાનો સમાવેશ થાય છે. જેઓએ સે. ૨૬ બ્રહ્મસમાજ પાંખને કાર્યાન્વિત કરી જીવંત રાખવામાં અગ્રેસરની ભૂમિકા ભજવી હતી. તેઓ શ્રાવણ માસની પૂજા, નૂતન વર્ષ મિલન કાર્યક્રમ સહિત અનેક કાર્યક્રમો તૈયાર કરી તેનુ એન્કરીંગ સુદ્ધાં કરીને કાર્યક્રમને પૂર્ણતા બક્ષતા હતા. શિક્ષણ ક્ષેત્રે આગવું નામ ધરાવતા સ્વ. આઈ.સી. પંડ્યા બાળકો, યુવાનો તથા વડીલોને પણ પ્રોત્સાહિત કરી વડીલોનું સન્માન, ૫૦ વર્ષ લગ્ન જીવન પૂર્ણ કરનાર યુગલોનું સન્માન જેવા વિચારોને મૂર્તિમંત કરતા હતા. તેમની અણધારી વિદાયથી સે. ૨૬ બ્રહ્મસમાજને મોટી ખોટ પડી છે.

### માત્ર એક જ સપ્તાહમાં પતિ-પત્ની બંનેનું કોરોનાથી અવસાન



સેક્ટર-૨૬માં બ્રહ્મસમાજની પાંખે જે સભ્યો કોરોના મહામારીમાં ગુમાવ્યા છે તેમાં એક યુગલનો પણ સમાવેશ થાય છે. જેઓએ માત્ર એક સપ્તાહથી પણ ઓછા ગાળામાં પતિ-પત્નિ બંનેનું નિધન થતાં તેમના પરિવાર સહિત સમગ્ર બ્રહ્મસમાજમાં શોકની કાલિમા પ્રસરવા પામી છે. શૈલેષભાઈ ભટ્ટે તા. ૨૫મી એપ્રિલ અને તેમના ધર્મ પત્ની અન્નપૂર્ણાબેન ભટ્ટે તા. ૨૯મી એપ્રિલે કોરોનાને કારણે જીવ ગુમાવ્યો હતો.

# બુધવારે સે.૨૩માં અરવિંદ કેન્દ્ર ખાતે રક્તદાન કેમ્પ યોજાશે

**પનઘટ કલાકેન્દ્ર દ્વારા આયોજિત રક્તદાન કેમ્પમાં પ્લાઝમા ડોનેશન પણ લેવાશે : રક્તદાતાઓને વિના મૂલ્યે એન્ટીબોડી રિપોર્ટ કરી આપવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨

શહેરમાં છેલ્લાં એક વર્ષથી ચાલી રહેલા કોરોના કાળને લીધે રક્તદાનની પ્રવૃત્તિમાં ઓટ આવી છે જેના કારણે શહેરમાં લોહીની અછત વર્તાઈ રહી છે. આ સ્થિતિમાં ૧૮ વર્ષથી ઉપરની વયના તમામ નાગરિકોને રસીકરણ કરવાનું શરૂ થયું હોવાથી રક્તની અછત વધુ ઘેરી બનશે કેમકે રસી લેનાર રક્તદાતા એક માસ સુધી રક્તદાન નહીં કરી શકે. આ સ્થિતિમાં રસી લેતા પહેલા નાગરિકો રક્તદાન કરે જેથી પુરતો રક્ત પુરવઠો ઉપલબ્ધ થઈ શકે તે હેતુથી શહેરની જાણીતી કલા સંસ્થા પનઘટ કલા કેન્દ્ર દ્વારા આગામી તા. ૫ મી મે બુધવારના રોજ સેક્ટર-૨૩ માં શ્રી અરવિંદ કેન્દ્ર ખાતે સવારે ૯ થી ૧ દરમ્યાન રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.




કોરોના મહામારીના કપરાં સમયમાં પુરતો રક્ત પુરવઠો એકત્ર થઈ શકે તો થેલેસેમિયા, હિમોફેલિયા સહિતના ગંભીર રોગો ઉપરાંત પ્રસુતિ તથા અન્ય આકસ્મિક સંજોગોમાં દર્દીનો જીવ બચાવવા તે ઉપયોગી સાબિત થઈ શકે છે. પનઘટ કલા કેન્દ્ર દ્વારા આયોજિત રક્તદાન શિબિરમાં રક્તદાન કરનાર રક્તદાતાઓને એન્ટી બોડી રિપોર્ટ વિના મૂલ્યે આપવામાં આવશે તેવું જણાવતા પનઘટના સંચાલક ભાવિન પટેલે જણાવ્યું હતું કે આ રક્તદાન શિબિરમાં સાથે પ્લાઝમાં ડોનેશનનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં એકવાર જેને કોરોના થઈને મટી ચુક્યો છે અને તેને એક માસ જેટલો સમય થઈ ગયો હોય તેવી વ્યક્તિઓ પ્લાઝમા ડોનેશન કરી શકશે. પ્લાઝમા ડોનેશન કોરોના સંક્રમણમાં ગંભીર સ્થિતિએ પહોંચેલા દર્દીઓને બચાવવા ખૂબ જ ઉપયોગી નિવડે છે. આ રક્તદાન શિબિરમાં રક્તદાન અથવા પ્લાઝમા ડોનેશન કરવા મો. ૯૮૭૯૦૫૭૫૫૬ અથવા ૮૦૦૦૭૨૬૮૦૮ પર નોંધણી કરાવવી હિતાવહ છે જેથી આયોજનમાં સરળતા રહે. શિબિરમાં કોવિડ ગાઈડલાઈનનું પાલન કરવામાં આવશે.


## ખૂણેખાંચરેથી



- ગાંધીનગર શહેરમાં કોરોનાની બીજી લ્હેરમાં મહિલાઓ અને ૨૧ થી ૪૦ વર્ષની વયના યુવાઓ વધુ સંક્રમિત થયા છે.
- ગાંધીનગર શહેરમાં આજે રજાના દિવસે પણ ૧૮+ ના વેક્સિનનો કાર્યક્રમ યથાવત્ રહ્યો હતો. કાઉન્સીલર પ્રિતીબેન દવેએ પણ આજે વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો હતો.
- ગાંધીનગર શહેરમાં નાઈટ કરફ્યુના પગલે મોડી સાંજથી દવાની દુકાનો પણ બંધ થઈ જતાં લોકોને રાત્રિના સમયે જરૂરી દવા માટે તકલીફોનો સામનો કરવો પડે છે.
- ગાંધીનગરમાં આજે રજાના માહોલમાં લોકોએ આઈપીએલની બે મેચો અને ચૂંટણીના પરિણામો ટી.વી. પર જોઈ પસાર કર્યો હતો.
- રેસિડેન્ટ ડૉક્ટરોના પગાર વધારા પછી એડહોક પ્રોફેસરોમાં અસંતોષ શરૂ થયો છે. તેમના કરતાં તેમના વિદ્યાર્થીઓ વધુ પગાર મેળવતા થયા હોવાની ચર્ચાએ પાટનગરમાં ઉત્તેજનાઓ જગાવી છે.
- એન.આઈ.સી.માં ફરજો બજાવતા દિવ્યાંશુ ઝાલાનું દુઃખદ અવસાન થયુ છે.
- વાવોલના અગ્રણી કુબેરસિંહ ગોલનું દુઃખદ અવસાન થયુ છે.

# પાંગળુ રસીકરણ અભિયાન કોરોના મહામારીને નાથવા અસક્ષમ સાબિત થશે

**દેશમાં જેટલી વેક્સિનને માન્યતા મળી છે તેનો સ્ટોક દેશમાં જ ઉપલબ્ધ બને તે સુનિશ્ચિત કરવું પડશે : હજુ આગામી સમમયાં આઈસીયુ બેડથી માંડીને તબીબો અને નર્સીંગ સ્ટાફની માંગ વિકરાળ બનશે : નાગરિકોએ પણ પરિસ્થિતિની ગંભીરતા સમજી માત્ર દોષારોપણને બદલે જવાબદારીપૂર્વકની કોવિડ મેનર્સ અપનાવવી જરૂરી**




ગાંધીનગર, તા. ૨

સમગ્ર દેશમાં કોરોના સંક્રમણની અત્યંત વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ ચુકી છે, દૈનિક કેસનો આંકડો ૪ લાખથી વધુને પાર પહોંચી ગયો છે. અગાઉ ક્યારેય જોઈ ના હોય તેવી ભયજનક પરિસ્થિતિ આ મહામારી દેખાડી રહી છે જેનાથી વ્યથિત અને લાચાર બનેલી જનતામાં સ્વાભાવિક રીતે જ સત્તાધીશો તરફ રોષની લાગણી વધી રહી છે. બીજી તરફ દેશમાં સર્જાયેલી અણધારી પરિસ્થિતિથી અચંબિત બનેલી સરકાર અને સમગ્ર વહીવટીતંત્ર શરૂઆતથી જ આ વિપરિત પરિસ્થિતિને ઓળખવામાં થાપ ખાઈ ચુક્યું છે અને "ઘરની દાજી વનમાં ગઈ તો વનમાં લાગી આગ"ની જેમ હતપ્રભ બનીને પગલાં લેવા માંડી છે પરંતુ સ્થિતિ "એક સાંધે ત્યાં તેર તુટે"ની જેમ દિન-પ્રતિદિન નવી નવી સમસ્યાઓ સામે આવતાં પરિસ્થિતિને નિયંત્રણમાં લઈ શકતી નથી. વિશ્વના સૌથી મોટા રસીકરણ અભિયાનને હાથ ધરીને પ્રારંભે શૂરાની જેમ પ્રસંશા તો મેળવી લીધી પરંતુ હવે એ જ રસીકરણ અભિયાન મંદ પડી રહ્યું હોવાનું અને અપૂરતું હોવાનું જણાવી નિષ્ણાતો દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી રહી છે કે "જો રસીકરણમાં વિલંબ સર્જાશે તો કોરોનાની લહેર વધુ લાંબી ચાલશે." આ સમયે દરેક નાગરિકે રસી લેવા જાગૃત બનવું જરૂરી છે પરંતુ તે પહેલા સરકારે પણ સઘન રસીકરણ માટે પુરતા પુરવઠા સાથે શક્ય હોય તેટલાં વધુ રસી કેન્દ્રો ગોઠવી અભૂતપૂર્વ કાર્ય કરી દેખાડવું પડશે, તો જ આ મહામારી સામે જીત મેળવી શકાશે.

કોરોના મહામારીના પહેલા તબક્કામાં ભારતે જે રીતે મુકાબલો કર્યો હતો અને જે ઝડપે દેશમાં રસીને વિકસાવવામાં આવી તેના કારણે વિશ્વભરમાં પ્રસંશા પ્રાપ્ત થઈ હતી અને ભારત વિશ્વના વેક્સિનેશન કેપિટલની ઓળખ મેળવી ચુક્યું હતુ. જો કે કોરોના સંક્રમણની બીજી લહેર એટલી ઘાતક બનીને આવી કે જેના કારણે પહેલા મોરચે મળેલી "બઢત" ક્યાં લુપ્ત થઈ ગઈ અને દેશની સમગ્ર હેલ્થ સીસ્ટમ જ જાણે સાવ પાંગળી અને વામણી જણાવા લાગી છે. બીજી લહેર કયા કારણથી આવી તે અલગ ચર્ચાનો વિષય છે પરંતુ એક વાત નક્કી છે કે બીજી લહેરમાં કોરોના વાયરસ જે નવું સ્વરૂપ ધારણ કરીને આવ્યો તે અણ કલપ્યું હતુ અને તેના કારણે સર્જાયેલી ઓક્સિજનની અછત આટલી મોટી કટોકટી બનશે તે પણ કદાચ કોઈએ ધાર્યુ નહોતુ. હા, કેટલાંક અભ્યાસુ નિષ્ણાતોએ ચેતવણીઓ ઉચ્ચારી હતી પરંતુ પરિસ્થિતિ તેના કરતાં પણ વધુ વિષમ અને વિપરિત સર્જાઈ છે. હવે તો કોરોના માત્ર ફેફસાં પર જ નહી પરંતુ હૃદય, મગજ, કિડની અને લોહી સહિત શરીરના અનેક અંગોને નુકસાન પહોંચાડતો હોવાનું જોવા મળી રહ્યું છે તેમાં પણ બીપી, ડાયાબીટીશ, હાયપર ટેન્શન કે મેદસ્વિતા જેવા રોગોથી પીડાતા દર્દીઓ પર વધુ ગંભીર અસર કરી રહ્યો છે. ઓક્સિજનની કટોકટી તો એટલી ઘેરી બનતી જાય છે કે દર્દીઓ એમ્બ્યુલન્સમાં અને રોડ-રસ્તા પર જ ઓક્સિજનવાળો બેડ નહી મળવાને કારણે તરફડીને મરી રહ્યાં છે.





પ્રતિકાત્મક તસવીર

આ સમયે દેશમાં ૨૧ જેટલાં મેડીકલ હેલ્થ સેન્ટર અને હોસ્પિટલો ધરાવતા જાણીતા કાર્ડિયોલોજીસ્ટ ડૉ. દેવીપ્રસાદ શેટ્ટીના આકલન મુજબ દેશમાં હાલ પરિસ્થિતિ એવી છે કે એક કોરોના પોઝિટીવ પાછળ દસેક અન્ય વ્યક્તિ પણ સંક્રમિત હોઈ શકે છે જેના કારણે દૈનિક પાંચથી પંદર લાખ સંક્રમિતો નવા થઈ રહ્યાં હોવાનું તેઓ અનુમાન બાંધી રહ્યાં છે. આ સ્થિતિમાં તેમના અંદાજ મુજબ આગામી સમયમાં દેશમાં વધુ પાંચ લાખ આઈસીયુ બેડ, દોઢેક લાખ નવા ડૉક્ટર્સ તેમજ બે લાખ જેટલા નર્સીંગ સ્ટાફની જરૂરિયાત પડશે જ્યારે વાસ્તવિક સ્થિતિ મુજબ તાજેતરમાં જ કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે કબૂલ કર્યુ છે કે દેશમાં હાલ ૮૧,૦૯૪ આઈસીયુ બેડ છે અને પરિસ્થિતિ વધુ વણસે તો તૈયારીઓ અપૂરતી છે. ડૉ. દેવીપ્રસાદે તો તાત્કાલિક નીટની પરીક્ષા ઓનલાઈન લઈને તેના પરિણામ જાહેર કરવા સાથે ગ્રેજ્યુએશન કરી રહેલા નર્સીંગ વિદ્યાર્થીઓને ઝડપથી એક વર્ષ ફરજિયાત કોવિડમાં સેવા આપવાની સરતે ડિગ્રી આપી કામે લગાડવા હિમાયત કરી છે. જો કે આ પરિસ્થિતિમાં રસીકરણ જ એક માત્ર ઉપાય છે પરંતુ તેમાં પણ ખૂટી પડેલો સ્ટોક અને અણઘડ આયોજન સમસ્યારૂપ બની શકે છે. અમેરિકામાં ૪૨ ટકા વસ્તીએ પહેલો ડોઝ અને ૩૦ ટકા વસ્તીએ બીજો ડોઝ લઈ લીધો છે. જો કે ભારતની વસ્તી અને આર્થિક ક્ષમતા મુજબ આ ટકાવારી તો નજીકના ભવિષ્ય માટે સ્વપ્ન સમાન છે. અત્યારે ભારતમાં ૧૮ વર્ષથી ઉપરનાને રસી આપવાનો પ્રારંભ કરાયો તેમાં પણ પહેલા જ રાઉન્ડમાં રસીના સ્ટોકની સમસ્યા સર્જાવા પામી છે. માત્ર "રસીકરણ ઉત્સવ" જેવા રૂપકડાં નામ આપી દેવાથી કશું થતુ નથી, એકલાં મહારાષ્ટ્રમાં જ ૯ કરોડને તાત્કાલિક રસીની જરૂરિયાત છે તેની સામે અત્યાર સુધીમાં માત્ર ૧.૫૦ કરોડને જ રસી આપી શકાય છે. વેક્સિન કેપિટલ ભારતમાં જ આવી ઢીલાશ સ્હેજ પણ પાલવે તેવી નથી. પહેલીવાર ભારતે વિદેશી મદદ માંગવી પડી છે અને રશિયા તથા અમેરિકાએ બે વિમાન ભરીને દવાઓ, ઓક્સિજન કન્સોન્ટ્રેટર, સિલિન્ડર, રેપિડ ટેસ્ટ કીટ, એન-૯૫ માસ્ક વગેરેનો જથ્થો મોકલાવ્યો છે પરંતુ દેશમાં એક તરફ દૈનિક કોરોના મૃત્યુઆંક ૩ હજારથી વધી ગયો છે તે પણ એક હકીકત છે.

ભારતે જો બીજી લહેરને ઝડપથી આટોપવી અને ત્રીજી લહેરથી બચવું હશે તો નાગરિકોએ ખૂબ જ ગંભીરતાથી "કોવિડ મેનર્સ"ને અપનાવવી પડશે જ પરંતુ તે સાથે સાથે સરકારે પણ રસીકરણને સાચા અર્થમાં વ્યાપક બનાવવા જવાબદારીપૂર્વક પગલાં લેવા પડશે જેમાં સૌથી પહેલો નિર્ણય 'દેશની રસી દેશમાં જ રાખવી' એટલે કે ભારતમાં જેટલી વેક્સિનને મંજૂરી મળી છે તે તમામનુ ઉત્પાદન વધે અને તે દેશમા નાગરિકોને ઉપલબ્ધ થાય તે માટે પારદર્શક અને વ્યાપક વ્યવસ્થા ગોઠવવી પડશે. ઓક્સિજન પ્લાન્ટના વિકાસ સાથે નવા અઢળક કોવિડ કેર સેન્ટર્સ ઉપરાંત રસીકરણનું યોગ્ય આયોજન જ મોટી હાનિથી બચાવી શકશે.

**પ્રતિભાવો આવકાર્ય**
Samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



ડો. કેશુભાઈ દેસાઈ
લેખક
મો. ૮૨૦૦૦ ૭૧૩૬૩



નિર્મલ જેસવાણી
પ્રમુખ, સિંધી પંચાયત અને ઝુલેલાલ મંદિર ગાંધીનગર



ગર્વ જશુભાઈ પટેલ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮



સાગર હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



સાહિલ હરીશ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



શિવાંગ છાયા ત્રિવેદી
મો. ૯૭૨૪૩ ૧૭૩૫૮



કડિયા દિનેશકુમાર એ
રેડક્રોસ



લીંબાચીયા રમેશભાઈ આર
રેડક્રોસ

**ઘરમાં રહો સુરક્ષિત રહો**